No. of Printed Pages : **5**

# 7968

Register Number

# Language – Part I – GUJARATI – Paper II

Time Allowed : 2½ Hours ] [ Maximum Marks : 100

સૂચના : (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગી તો, ખંડ પરિનિરીક્ષક ને તુરત જાણ કરવી.

(2) લખવા તથા અન્ડરલાઈન કરવા માટે ભૂરી અથવા કાળી સ્યાહીનો ઉપયોગ કરવો.

**I.** **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.** **20x1=20**

(Write the answer for following.)

1. સર્વનામ શોધો :- તમારી પુસ્તક મને આપો.
2. સમાસના પ્રકાર લખો :- દયાપાત્ર, પાપ પુણ્ય
3. સંધિ કરો :- હિમ + આલય, સમ્ + તોષ
4. સંધિ છોડો :- વિદ્યાર્થી, પરમેશ્વર
5. શબ્દોની જોડણી સુધારો :- દુરયોધન, જીંદથી, વિજળી, પથ્થર
6. કર્તરિ વાક્ય બનાવો :- રામ થી સીતાની પીઠ પર હાથ મુકાયો.
7. કર્મણિ વાક્ય બનાવો :- કર્ણ સૂરજની સ્તુતિ કરે છે.
8. પ્રશ્ન વાક્ય બનાવો :- ગણપત ને બે દિકરી છે.
9. અલંકાર ઓળખાવો :- ભૂખથી યે ભૂડી ભીખ છે.
10. રૂઢિપ્રયોગોના અર્થ આપો :- કળ વળવી, આંખ મળી જવી.
11. સમાનાર્થી શબ્દ લખો :- દુશ્મન, આંખ, ભોમ, વાયુ
12. શબ્દાર્થ લખો :- રાઘવ, પાય, માવલડી, માંહી
13. વિશેષણ શોધો :- ગુલાબ સુંદર છે.

[ Turn over

14. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો :- સાંજનું ભોજન

15. ક્રિયાપદ ઓળખાવો :- માતા કામ કરે છે.

16. કાળ ઓળખાવો :- બાળકો પર્યટન ગયા હતા.

17. વચન બદલો :- પક્ષી, બાળક, રાજાઓ, વિદ્યાર્થી

18. લિંગ ઓળખાવો :- સ્ત્રી, નદી, દરિયો, રાણી

19. ભાવવાચક સંજ્ઞા બનાવો :- મધુર, સુંદર, લઘુ, દીન

20. વિશેષણ બનાવો :- જ્ઞાન, ધન, માયા, ધર્મ

**II. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** **5x2=10**

(Write the answer for the following questions.)

21. સંજ્ઞાની વ્યાખ્યા આપો.

22. સર્વનામના કેટલા પ્રકાર છે ?

23. ભૂતકાળના બે વાક્ય લખો.

24. વિશેષણ કોને કહેવાય ?

25. ક્રિયાપદના કાળ કેટલા છે ? કયા કયા ?

**III. કોઈપણ ચાર પ્રશ્નોનાં જવાબ લખો.** **4x5=20**

(Answer any four question.)

26. રેંકડીવાળા ડોસાને જોવાથી કલ્યાણી ના મન પર શી અસર થઈ ?

27. રવિપ્રસાદનો પાત્ર પરિચય આપો.

28. જિદુનાથની વેદના તમારા શબ્દોમાં લખો.

29. વૃદ્ધ હોવા છતાં જિદુનાથ શા માટે દોડધામ કર્યા કરતા હતા ?

30. જિદુનાથે કેવા પરિવારમાં કલ્યાણીનું લગ્ન ગોઠવ્યું હતું ?

31. મૂકેશ અને યામિની એ માણેલી રવિપ્રસાદની મહેમાન ગતિનું તમારા શબ્દોમાં લખો.

**IV.** **નીચે આપેલા મુદ્દાઓ પરથી વાર્તા બનાવી યોગ્ય શીર્ષક આપો.** **8**

(Write the story from the following sentences.)

**32.** મુદ્દા : લાખો વણજારો - એકવાર પૈસાની સખત તંગી પડવી - પાળેલા કૂતરાને આડમાં મૂકીને નગર શેઠ પાસેથી પૈસા લેવા - નગર શેઠના ઘરમાં ચોરી થવી - કૂતરા દ્વારા ચોરોનો પીછો - ચોરાયેલું ધન શેઠને પાછું અપાવવું - કૂતરાના ગળે ચિઠ્ઠી બાંધી તેને પાછો મોકલવો - કૂતરાને ભાગી આવેલો માની લાખાનું ગુસ્સે થવું - કૂતરાને મારવો - કૂતરાનું મોત - સાર.

**અથવા**

તમને આવડતી કોઈ વાર્તા મુદ્દા સાથે લખો.

**V.** પત્રલેખન : **8**

(Write any one letter.)

**33.** તમારી શાળામાં ઉજવાયેલ વાર્ષિકોત્સવનો વર્ણન કરતો પત્ર સખીને લખો.

**અથવા**

તમારા સ્કૂટરની ચોરી થઈ છે, તો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતી અરજી (પત્ર) લખો.

**VI.** વિસ્તાર કરો : **5**

(Write the detailed essay from the hints given.)

**34.** ભારત દેશનો મુખ્ય તહેવાર દિવાળી - પાંચ દિવસ - પાંચે દિવસોનું અલગ મહત્વ - લક્ષ્મીની પૂજા - બાળકો ફટાકડાં ફોડે - વિવિધ વાનગીઓ - ઈર્ષ્યાનો ત્યાગ - સહુ હળીમળી રહે.

**VII.** **નીચે આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય પર કાવ્ય લખો.** **5**

(Write **any one** Poem from the words given.)

**35.** માધવ **અથવા** મેઘ (વાદળ)

**VIII.** કાવ્યનો ભાવાર્થ લખો. **5**

(Write the Poem meaning.)

**36.** જીવન અંજલિ થાજો,
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો;
દીન દુ:ખિયાનાં આંસુ લો' તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો;
ઝેર, જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
વણ થાક્યાં ચરણો મારાં નિત તારી સમીપે ધાજો !
હૈયાના પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો !
મારું જીવન અંજલિ થાજો !

[ Turn over

**IX.** નીચે આપેલ ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો. **5**

(Write the answer after reading the paragraph.)

**37.** આપણા જીવનમાં સુખ અને દુ:ખની ઘટમાળા ચાલ્યા જ કરે છે. જીવનમાં દુ:ખ કે આફત આવી પડે છે. ત્યારે આપણે લાચાર થઈ જઈએ છે. આપણે તેમાંથી બહાર આવવાં વલખાં મારીએ છે. બીજા લોકો આગળ આપણા દુ:ખના રોદડા રડીએ છે. પરંતુ તેનાથી દુ:ખ દૂર નથી થતું. મજાકનું પાત્ર બનીએ છે. પરિશ્રમ જ સંકટ સમયની સાંકળ છે. મહેનત કરી દુ:ખ દૂર કરી શકાય છે.

પ્રશ્નો :

(a) જીવનમાં કઈ ઘટમાળા ચાલ્યા કરે છે ?

(b) દુ:ખ આવી પડે ત્યારે કેવા બની જઈએ છે ?

(c) સંકટ સમયની સાંકળ કઈ છે ?

(d) મહેનત કરવાથી શું દૂર થાય છે ?

(e) યોગ્ય શીર્ષક આપો.

**X.** નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેમાંથી પ્રશ્નોના જવાબ લખો. **3**

(Answer the question after reading the Paragraph.)

**38.** આપણે આપણા જીવનમાં ક્યારેક ભૂલ કરી બેસીએ છે. આપણને જ્યારે આપણી ભૂલ સમજાય ત્યારે આપણે તેનો સ્વીકાર કરવો જોઈએ. આમ કરવાથી આપણું મન સ્વચ્છ બને છે. ભૂલ કરવી પાપ નથી, પરંતુ તેને છુપાવી પાપ છે.

પ્રશ્નો :

(a) આપણે જીવનમાં શું કરી બેસીએ છે ?

(b) ભૂલ સમજાય તો શું કરવું જોઈએ ?

(c) ક્યારે પાપ કહેવાય ?

**XI.** નીચે આપેલ વાક્યો વાંચી પ્રશ્નોના જવાબ લખો. **2**

(Answer the question after reading the sentences.)

**39.** આપણે મૂર્ખ માણસનો વિશ્વાસ રાખવો જોઈને નહિ. મૂર્ખ મિત્ર કરતાં સમજદાર દુશ્મન સારો ગણાય છે.

પ્રશ્નો :

(a) કોના પર વિશ્વાસ ન રાખવો જોઈએ ?

(b) કોણ સારો ગણાય છે ?

**XII.** અનુવાદ કરો.

(Translation)

**40.** અન્ડરલાઈન શબ્દોનું ગુજરાતીમાં અનુવાદ કરો. **2**

(Translate the underline words into Gujarati.)

(a) મારા <u>ફાધર</u> <u>મધર</u> બહાર ગયા છે.

(b) <u>ગાર્ડન</u> માં <u>બર્ડસ</u> ઉડે છે.

**41.** નીચે આપેલા અંકોને ગુજરાતી શબ્દોમાં લખો. **2**

(Write the number in Gujarati words.)

25, 40, 305, 60

**42.** નીચે આપેલા વાક્યોનું ગુજરાતીમાં અનુવાદ કરો. **3**

(Translate in the Gujarati.)

(a) Religion is nothing else but love of God and man.

(b) Humility is the Solid Foundation of all virtues.

(c) The greatest Prayer is Patience.

**43.** કહેવતોનું ગુજરાતીમાં અનુવાદ કરો. **2**

(Write the Proverb in Gujarati.)

(a) Mind your own business.

(b) Look before you leap.

**- o O o -**